

શ્રી

રૂપિયાના હડકાયા

તથા

બે પગના ગધેડા સંબંધી

ચેતવણી

એ મનકી ગતિ [illegible] [illegible] ઓર નોર,
[illegible] લાગમેં ના [illegible] નિર્ગ [illegible] સાથ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

કવિ ત્રિભુવનદાસ [illegible] મહેતા

રહેવાસી—અમ[illegible]

આ પુસ્તક સને ૧૮[illegible] ના [illegible]

[illegible] છાપી સર્વ હક્ક સ્વાધીન

અમદાવાદ—માં [illegible] [illegible]

[illegible] મોતીલાલ [illegible]

[illegible] [illegible]

પ્રત ૫૦૦




ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
૫૦૭૨

ટેલર બ્રધર્સ


TAILOR BROTHERS

TRADE MARK

CHAGANLAL PITAMBARDASH

HARIS ROAD

Bhavnagar



મરજી પડે તો વાંચો.

દક્ષિણમા છે દમણ ગંગા ત્યાથી નીકળી એ પ્રવાસરે

એ ઢબ

મન ગમતિ અહી ટોપી મળશે, જબલાં જોઇએ તેવાંરે;
ફેરાક જરાક (૧) જો જો જાંખી. ઠીક પડેતો લેવા;
આવો અલબેલા, ઓઝાતા ગુણીભાઇ, આવો ॥ ટેક ॥
મનહર જોડી છે મોજાની, હુવાલ રૂમાલ નવ (૨) રંગીરે
ઘણા કિમતી, ઘણાજ સસ્તા, નાનાને વળી જંગી. આવો
નકસી જોઇએ તેવા દઇએ, ફેશન જોઇએ એવારે
જથ્થાબંધ ને વળી પરચુરણ, ગમશે તમને તેવા. આવો૦
દગાકપટની વાતો નમળે, કિંમત એકજ કહિશુંરે
છતાં માગણિ કરશો જુદી, શીખ (૩) તુરતમાં દઇશુ આવો
રાજનગરમાં (૪) રહાએ; કહાએ; પાનકોરને નાકેરે
દુકાન નંબર " ૪૬૦૦ " ઉપર " છાસઠ "આંકે આવો૦
નામ રામજી લેતા આવો, સુત પીતાંબર ના પુછી
જરૂર, જરૂર, જરૂર પધારો, ખરીદી થાશો ખુશી. આવો૦

ઠે. દરજી રામજી ભાઈ પીતાંબરદાસ

પાનકોરને નાકે દુકાન નંબર ૪૬૬૬ મું અમદાવાદ

---

(૧) થોડીવાર (૨) ભાતભાતના [૩) રજા [૪) અમદાવાદ

શ્રી

અર્પણ પત્રિકા.

પરમકૃપાળુ મેહેરબાન અમદાવાદ સ્ટેશનના પો. સ. ઇન્સ્પેકટર સાહેબ બા. કાદરમીયા જીવામીયાની પવિત્ર સેવામાં.

હમેશા રાજ્યદવારી ખાતાની બીજી નોકરી કરતાં પોલીસ ખાતાની નોકરીમાં જોડાઇ, અંતઃકરણથી રાજ્યભકત અને વફાદારીથી નોકરી કરી નેક ઇમાનદારીનું રક્ષણ કરી પ્રજા વર્ગનો બહોળો આશીરવાદ મેળવવો એ બેવડી ધારના હથિયાર વચ્ચે નિર્વિઘ્ને પસાર થવા જેવું કઠણ કામ છે તેવા કઠણ કામમાં આપે વિજય મેળવી પ્રજા વર્ગના બોહોળો આશીર વાદ પામી ઉજવળ કીર્તિનો યસસ્વી ખજાનો શ્રષ્ટિની દ્રષ્ટિ પર ખુલ્લી રીતે પ્રકાશીત કીધોએ ઓછા ધન્યવાદની વાત નથી આપની ધાર્મિક લાગણી પરોપકાર બુદ્ધિ અનેનીતિ દયા, આદી સર્વોત્તમ ગુણોના આકર્ષણે અમારો લઘુ ગ્રંથ આપને અર્પણ કરવા મારી ઇચ્છા થવાને લીધે આપની પરવાનગીથી આ ગ્રંથ અર્પણ કરવાને ભાગ્યશાળી થવા માગું છું વસ્તે અર્પણ પત્રિકા સ્વીકારી આભારી કરવા કૃપાવંત થશો. અસ્તુ.

લી. હું છું આપનો

ત્રિ. ના. ના સવિનય દુવા સલામ.

શ્રી

રૂપિઆના હડકાયા.

તથા

બે પગના ગધેડા સંબંધી.

ચેતવણી.

એ ધનકી ગતિ તિન હે, દાન ભોગઔર નાશ
દાન ભોગ મેંના લગે, નિશ્ચ હોવે નાશ

(લેખક કવિ—ત્રિભુવનદાસ નારણજી મેહેતા.)

---

૧ આપણે કોઇ પણ સોના, રૂપાના ઘાટ ઘડનારને, સોના, રૂપાના દાગીના ઘડાવવા, સોનું, રૂપુ આપીએ, તેમા ત્રાંબુ કે પીતળ ભેળાવીને, સોનું કે રૂપું કાઢી લઇ ખાઇ જાય, ઓછી કિંમત ઉપજે એવો દાગીનો કરીદે, તો તેમ કરનારને આપણે શું થયુ કેહેવું ? નાણાનો હડકવા.

૨ સોના, રૂપાના દાગીના ઉજાળવા આપણે કોઇને આપીએ, અને ઉજાળવા વાળો તેજાબમાં નાખી, દાગીના ઉપરથી સોનુ', રૂપુ ઉતારી લેતો, તેને આપણે શુ થયુ કેહેવું ? નાણાનો હડકવા.

૩ કોઇ માણસ પૈસાનાજ બદલામા ખોટી સાહેદી આપવાનો ધંધો કરે, તો તેને આપણે શું થયું કહેવુ ? નાણાનો હડકવા ?

૪ કોઇ માણસને, આપણે કંઇ વસ્તુ લાવવા પૈસા આપીએ, તેમા

વસ્તુના બેઠેલા પૈસા કરતા જાસ્તી ગણાવી ખાઇ જાય તો, તેને આપણે શું થયું કેહેવું ? નાણાંનો હડકવા.

૫ કોઇ પણ કોર્ટના કામમા, આપણા તરફથી કામ કરનાર પોતાના લવાજમ ઉપરાંત, દગા કપટથી પૈસા લેવાનો ઇરાદો રાખી, અથવા, પ્રોસેસ કે બીજી ખોટી રીતે ટીકીટોનો ખર્ચ ગણાવી પૈસા કઢાવે તો, તેને શુ થયું કેહેવુ ? રૂપિયાનો હડકવા.

૬ કોઇ માણુસ, કોઇ શ્રીમાન પુરૂષ પાસે જઇને કહે કે, તમારા ઉપર ફરિયાદ દાખલ કરવાને મને રોકયો છે, જુવો આ અરજી અને જુવો અધિકાર પત્ર. ખરી રીતે કોઇએ અધિકાર આપેલો હોય નહી. તેમજ અરજી પણ લખાવેલી હોય નહી. છતા તદન પઇસા કઢાવવાની યુક્તિ માટે આવું કોઇ કરીને પઇસા કઢાવી જાય તો તેને શું થયુ કેહેવું ? રૂપાયાનો હડકવા.

૭ ધારોકે, હિંદુસ્તાનના હરકોઇ રાજ્યની રેલવેના હરકોઇ સ્ટેશન ઉપરની વીસીમાં ઉતરેલા મુસાફરોને, મધ્ય રાત્રીના વખતે જગાડી ને કોઇપણ માણસ ખોટા વેશધારી બની જડતીલે, ગાળોદે, માર મારે, બૈરા છોકરાને આમ તેમ લઇ જાવાનું કહે ગેરવ્યાજબી કેદ કરવાનું કહે ગેરવ્યાજબી અટકાવમા રાખવાનું કહી, જાય, ત્રાસ અને જુલમ ગુજારીને કોઇ માણુસ પૈસા કટાવવાનું કાર્ય કુરેતો, આપણે શું થયું કહેવુ ? રૂપિઆનો હડકવા

૮ કોઇ પણ રસ્તે જતાં અજાણ્યા મુસાફર પાસેથી, જોરજુલમ ગુજારી પૈસા કોઇ માણુસ કઢાવેતો, તેને આપણે શું થયુ કે હેવું રૂપિયાનો હડકવા

૯ ખરીરીતે જે માણુસ પાસે કંઇ મિલ્કત નથી છતાં મોટી રકમનો ખોટી રીતે વિમો ઉતરાવી, નજીવી મિલ્કતનો નાશ કરી, વિમાની

મોટી રકમ મેળવવાનો પ્રયત્ન કરેતો તેને આપણે શુ થયુ કે હેવું ! રૂપિયાનો હડકવા.

૧૦ ખોટીદાનતથી, દુનિયાના લોકોને રડવવાનો ઈરાદો રાખી. મોટી મોટી શોપો, પેઢીઓ કે બેંકો ઉઘાડે છેવટે હજારો, લાખો, કરોડો કે અબજો રૂપિયાનું પાણી કોઇ માણુસ કરી નાખે તો, તેને આપણે શું થયું કહેવું ! નાણુનો હડકવા

૧૧ ખોટી દાનતથી, જીંદગીના વિમા ઉતારવાનુ બાહાનું કાહાડી પેઢીનો દેખાવ કરી કોઇ માણુસ લાખો જણુને ગરમ પાણીએ નવરાવી નાખવા જેવું કરેતો તેને આપણે શું થયું કહેવું ? રૂપિયાનો હડકવા

૧૨ કોઇ માણુસનું, સમુદાયનું, નાત જાતનું, ધર્માચાર્યોનું, કોઇ જાહાગીરદારનું, ગરાસદારનું કે કોઇ બીજાનું કોઇ માણસ પેપરમાં ખોટું છાપી, પૈસા કોઇ માણુસ કઢાવે તો તેને આપણે શુ થયું કહેવું ! નાણુંનો હડકવા.

૧૩ કોઇપણુ નાલાયક, બદમાસ, હરામખોર જેવા માણસો ? પૈસા લેવાના બદલામા, ખોટા વખાણુ કોઈ માણુસ કરેતો તેને આપણે શું થયું કેહેવું ! રૂપિયાનો હડકવા

૧૪ કોઇ કન્યા ગોર, અગર વેસવાળનુ કામ કરનાર, કોઇ બાવળના ઠુઠા જેવા, ભીલડા જેવા, કડોળ કે કદરૂપા માણુસને કહેકે, તને પરિ જેવી કન્યા પરણાવી આપુ તે સાથે લાખો રૂપિયાનો હરી યાવર કરાવું પણુ તેમ કરાવી આપવાના બદલામાં દીવગામને દરવાજે લકામાં કેવાઇ ગએલી રયાસતવાળા મકાન બંધાય એટલી મને પુજી આપો તોજ. આમ કરી પૈસા મેળવવા માટે કોઇ વેસવાળી ચોગોર પરિ જેવી કન્યાને કજોડા સાથે જોડી,

દેશપાર ઠરી, પૈસા મેળવે તો, તેને શું થયું કહેવું ! રૂપિયાનો હડકવા

૧૫ કોઇ માણસ મુકરર કરેલા લવાજમ ઉપરાંત લવાજમ લે, અને "વધારે લીધેલું લવાજમ ગુન્હા હિતકૃત્ય ગણાતું હોય" એવું કોઇ માણસ કૃત્ય કરેતો, તેને શું થયું કહેવું ? રૂપિયાનો હડકવા

૧૬ જેમ સંધી લોકો કે વહિયારના લોકો, દેશ પરદેશ ઢોરો વેચવાનો વહેપાર કરે છે તેમ જે જે કાઠિયાવાડી લોકો કોઇની બેહેન, દીકરી કે વહુઓને પૈસા મેળવવા ગેરવ્યાજબી રીતે વેચવાનો ધંધો કરતા હોય તેને શું થયું કહેવું ! રૂપિયાનો હડકવા

૧૭ કોઇ માણસ, કોઇ માણસ પાસે, વ્યાજબી કિંમત આપ્યા વિના ભયથી, દાબથી, હેરાન ગતિ કરીને કંઇ વસ્તુ લેતો, તેને શું થયું કેહેવું ! રૂપિયાનો હડકવા.

૧૮ કોઈ માણસને ભમાવી ખોટી રીતે સ્વર્ગમા મોકલવાના બહાના બતલાવી, ઇશ્વરને નામે નાણાંકે મિલ્કત ઉઘરાવી દગા પ્રપંચથી જે માણસ કોઇની મિલકત કે પૈસા કઢાવી લઇ જાય તો તેને શું થયું કેહેવું ! રૂપિયાનો હડકવા

૧૯ પરોપકાર કરવાનાં બ્હાના બનાવી, લોકો પાસેથી મોટી રકમો મંગાવી જે માણસો બદદાનતથી પોતે ખાઇ જાય, તો તેને શું થયુ કેહેવુ ! રૂપિયાનો હડકવા

૨૦ જે વસ્તુ કે મિલ્કત પોતાની નથી એમ જે માણસ જાણે છે છતા તે વસ્તુકે મિલ્કત બદદાનતથી પોતાના ઉપીયોગમાં લે, તો તેને શું થયું કેહેવું ! નાણાનો હડકવા

૨૧ બીજા કોઇ માણસને હાનિ કરવાના બદલામાં કોઈ માણસ પૈસા લે, તો તેને શું થયું કેહેવું ! રૂપિયાનો હડકવા

૨૨ માત્ર પૈસાનાજ બદલામાં ખોટી સીપારસ કરેતો તેને શું થયું કેહેવું ! રૂપિયાનો હડકવા

૨૩ જે માણસો પૈસાના બદલામાં પુત્રોનાં વેચાણ કરતા હોય તેને શુ થયું કેહેવું ! પૈસાનો હડકવા

૨૪ અપહરણ,થી જબરાઇથી, ચોરીથી ઠગાઇથી, વિશ્વસઘાતથી કોઈ માણસ, નાણા મેળવવાનું કામ કરેતો તેને શું થયુ કેહેવું રૂપિયાનો હડકવા

૨૫ ઓછા તોલ માપ છાપથી કે કોઇ વસ્તુમા ભેળશેળ કરી કોઇ ચીજ વસ્તુ પદાર્થ કોઇને આપી કોઈ માણસ ગેરવ્યાજબી પૈસાલેતો તેને શું થયું કેહેવું ! રૂપિયાનો હડકવા

૨૬ કોઇ વૈદના પાસે, ખાસ કારણથી કોઇ માણસની શારીરિક કે મરણોતર પરીક્ષા કરવવાને કોઇ મોકલાવે, તે કામમાં વૈદરાજ પૈસાખાઇને તદન ખોટો અભિપ્રાય આપી, કોઇને ગેરવ્યાજબી હાનિ કરવાનું કામ કરેતો તેને શું થયુ કેહેવું ! રૂપિયાનો હડકવા

૨૭ કોઇ માણસને પુરતો પગાર મળતો હોય, છતાં પોતાને નોકર રાખનારના ઘરમાંથી નાણાનો કે મિલ્કતનો હાથ મારે તો, તેને શું થયુ કેહેવુ ! નાણાંનો હડકવા

૨૮ કોઇ પણ માણસ પોતાના નોકરના, દાડીયાનાકે મજુરના વ્યાજબી પૈસા આપવામાં બદદાનત કરેતો તેને શુ થયુ કેહેવું ! નાણાનો હડકવા

૨૯ જે કર્તવ્યને, લોકો અનીતિકે અધર્મ ગણતા હોય, તેવો ધધો રોજગારકે કામ કરીને કોઇ માણસ પૈસા કમાવેતો, તેને શું થયુ કેહેવુ ! રૂપિયાનો હડકવા.

૩૦ જે ચીજ, વસ્તુકે ધાતુનાં, પોતે વખાણ કરે છે, તેવો તેમાં કશુ ગુણ હોય નહી છતા લોકોની સાથે ઠગાઇ કરવા, ખોટા અલકારો આપીને જાહેર ખબરો છપાવી જન, સમુદાયના પૈસા ગેરવાજબી રીતે લે તો તેને આપણે શું થયુ કેહેવુ ! નાણાનો હડકવા

૩૧ એકદમ પૈસા પાત્ર થવાના લોભથી, નળીયાથી તે તળિયા સુધીની મિલ્કત ગુમાવવા જેવુ, જે માણસ સાહસ ખેડી નાણાં મેળવવાની આશા રાખે, તો તેને શું થયું કેહેવુ ! રૂપિયાનો હડકવા.

૩૨ ભાઈ, ભાઇમાં. બાપ દીકરામાં કાકા પિત્રાઇમાં, એક બીજા હિસ્સાથી વધારે રકમ મેળવવા, કોઇ કોઇને દબાવે ખોટી રીતે હેરાન કરી ગેરવ્યાજબી દુ ખદઇ, ગેરવ્યાજબી નાણાં કે મિલ્કત મેળવેતો તેને આપણે શું થયું કેહેવું ! નાણાનો હડકવા.

૩૩ ભોળા લોકોને ભરમાવી, દોરા ધાગા, મંત્ર, જત્રથી લાભ કરવાનું ખોટી રીતે સમજાવી કોઇ માણસ પૈસા કઢાવેતો તેને આપણે શું થયું કેહેવું ! રૂપિયાનો હડકવા

બે પગા ગધેડા

૧ પોતે કયાંથી પ્રગટ થયો, કયારે લોપ થશે, સુખ, દુ ખશાથી થાય છે, પોતે કોણ છે, આખર વખત સાથે શું લઇ જવાનુ છે એ વાતનો વિચાર કરીને જે માણસ ઇશ્વર ભજન કરતો નથી તેને આપણે શું કરીએ ! બે પગનો ગધેડો

૨ પોતાના માતા પિતા એ કરેલા ઉપકારનો બદલો નહી વાળતાં, તેની જે માણસ અવજ્ઞા કરે તેને આપણે શું કહીએ ! બે પગનો ગધેડો

૩ કોઇ માણસ ખાસ કારણ વિના બીજી બૈરીલાવે, બૈરીને ખાસ કારણ વિના માર મારે, ઘાતકી પણું ગુજારે, તજી દે, અગર તેના પાસે અયોગ્ય કામ કરાવી તેની કમાઇથી તાગડ ધીનાકરે તેને આપણે શું કહી શું ! એ પગનો ગધેડો

૪ પોતાની મનુષ્ય તરીકેની દુનિયામા શું ફરજ છે, તે ફરજ જે મા ણસ અદા કરતો નથી. તેને આપણેશું કહીશું ! એ પગનો ગધેડો

૫ જે પવિત્ર રાજ્ય કર્ત્તા, પોતાની પ્રજાને પુત્ર વત ગણેછે, જે પ્રજા પોતાના પવિત્ર રાજ્યકર્ત્તાને પિતા તુલ્ય લેખે છે. આવીરીતે રાજ્ય, પ્રજામાં પરસ્પર પ્રીતિ યુકત સંબંધ જોડાયલો જોઇ શકાતો હોય, તેવામાં કોઇ માણસો વિખવાદ પેદા કરાવવાના યત્નો કરેતો, તેને આપણે શું કહીશુ ! એ પગનો ગધેડો

૬ ઇશ્વિરના ઘરના કોઇ એજન્ટો નથી, તેમ જે માણસમા ઇસ્વરી શકિત નથી, છતાં પોતાને ઇસ્વર તરીકે મનાવપાનો જે માણસ ઢોંગ કરે છે. તેને આપણે શું કહી શુ ! એજ પગનો ગધેડો

૭ જે માણસથી અમુક કામ બની શકે તેવું નથી અને કોઇપણ રીતે બનાવી શકયા નથી એમ જાણે છે છતા તેવું કામ કરવા પ્રેરાવું તેને આપણે શું કહ શું ? એ પગનો ગધેડો.

૮ જે વચન પોતાથી પાળી શકાય તેમ નથી તેવુ વચન બીજાને આપી. કોઇ માણસ તેને ખરાબ કરેતો તેને આપણે શુ કહીશું! એ પગનો ગધેડો

૯ જે માણસમા કોઇ પણ જાતના સદ્‌ગુણ નથી એમ ચોખ્ખી રીતે જોવાથી જણાઇ આવતું હોય, તેવા માણસના કોઈ કવિ કવિતા દ્વારાએ વખાણ કરી કવિતા કરેતો તેને આપણે શું કહીએ ! એ પગનો ગધેડો

૧૦ પોતાના હાથ પગ સાબીત છે, શરીરે હૃષ્ટ પુષ્ટને આરોગ્ય છે. એમ જે માણસ પોતે જાણે છે, છતાં ધંધા રોજગાર કરે નહી તેનેઆપણે શું કહીએ બે પગનો ગધેડો

૧૧ પોતાની અમુક કામ કરવાને ફરજ છે છતાં જે માણસ તે ફરજ અદા કરે નહી તો તેને આપણે શું કહીએ! બે પગનો ગધાડો

૧૨ જે માણસમાં નીતિના, દયાના, ધર્મના, પરોપકાર બુધ્ધિના ઇસ્વર ભક્તિના વિચારોનો અભાવ છે તેને આપણે શુ કહી શું બે પગનો ગધાડો

૧૩ અમુક માણસ જુલ્મીકે ઘાતકી છે, તેના જુલમને અને ઘાતકી પણું અટકાવનાને અમુક માણસ શક્તિવંત છે છતા તેવો માણસ જુલમ કરનારને કે ઘાતકી પણું ગુજારનારને અટકાવાના ઉપાયો કામે લગાડે નહી, તેને આપણે શું કહીએ ! બે પગનો ગધેડો

૧૪ જે માણસથી જે કામ બની શકે તેવુ નથી તેવુ કામ જબરાઇથી જે માણસ કરાવે તેને આપણે શુ કહીએ, બે પગનો ગધેડો

૧૫ જે કામ પોતાથી બની શકે તેવુ છે તેમજ તે કામ કરવાની પોતાની ફરજ છે તે કામ કરે નહી કે પોતાની ફરજ બજાવે નહી તો તેને આપણે શું કહીએ! બે પગનો ગધેડો

૧૬ જે માણસ વિશ્વાસ રાખનારનો વધ કરે તેને આપણે શું કહીએ બે પગનો ગધેડો

૧૭ જે માણસ ઉપકારનો બદલો અપકારથી વાળે તેને આપણે શું કહીએ! બે પગનો ગધેડો

૧૮ કોઇ માણસ અમલદારોને ત્યાં જતો આવતો હોય તે અમલદાને નામે જતો આવતો માણસ કોઇના નાણાં ખાઇ જઇને અમલદારની

પવિત્ર આગ્રહને વગોવતો હોય, તે માણસને આપણે શું કહીએ બેજ પગનો ગધેડો.

૧૯ જે માણસ નોકરી કરવાને લાયક નથી તેને કોઇ નોકર રાખે નહી અથવા જેને નોકરની દરકાર નથી એવા કારણથી કોઇ માણસ કોઇને નોકર નહી રાખવાથી નોકર નહી રાખનારની ટીકા કરે તો તેને આપણે શું કહીએ ! બે પગનો ગધેડો

૨૦ જે માણસ અન્ય માણસના ધંધા રોજગારથી કે સારીસ્થિતિથી કે બીજા કોઇની સારી પ્રસંશાથી બળી મરે છે તેને આપણે શું કહીએ ? બે પગનો ગધેડો

૨૧ કારણ વિના કોઇ નાત, જાતકે સમુદાયની કોઇ માણસ નિંદા કે ખોદણી કરે તો તેને આપણે શું કહીએ ! બે પગનો ગધેડો

૨૨ જે માણસ પોતાની કમાઇ કરતા, દેવું કરીને ગેર૦યાજબી નાણાં ઉડાવે તેને આપણે શું કહીએ ! બે પગનો ગધેડો

૨૩ જે, નાત જાતમાં મધપાન કે માસાહાર વર્જિત છે, છતાં મધપાન કે માંસાહાર કરે તેને આપણે શું કહીએ ? બે પગનો ગધેડો

૨૪ કોઇ નિર્દોષ મનુષ્યને આળ ઓઢાડે કે તેના ઉપર ખોટો આક્ષેપ મુકે તેને આપણે શું કહીએ ? બે પગનો ગધેડો

૨૫ જે કામ કરવાથી આપણા શરીરને ભવિષ્યમાં હાનિ થશે એવું જાણતાં છતાં જે માણસ તેવું કામ કરે તેને આપણે શું કહીએ બે પગનો ગધેડો

૨૬ જેના ઘરમાં દુધ ચોખા અને શાકરના ભંડાર ભરેલા છે તે ભંડારનો ખોરાક તજી દઇ આખા મુલકનો એંઠવાડ ખાવા જેવો ધંધો કરે તેને આપણે શું કહીએ ! બે પગનો ગધેડો

૨૭ જે વૈદથી પોતાનો દરદી સુધારી શકે તેવું હોય નહી છતા બીજા નું વૈદુ કરવા દે નહી તેનું નામ આપણે શું કહેવું ! એ પગનો ગધડો

૨૮ જે માણસનો જે ધંધોછે તે ધંધામા તે તલ્લીન પણે ધંધો નહી કરતાં પોતાની કીર્તિને અને ધંધાની આબરૂને ઝાંખ લગાડવા જેવું કામ કરે તો તેને આપણે શું કહીએ ! એ પગનો ગધડો

૨૯ જે મારગે જવાથી વિપરીત પરિણામ આવે છે એવું જાણતા છતાં જે માણસ એવે મારગે જાય તેને આપણે શુ કહીએ ! એ પગનો ગધાડો

૩૦ કોઇના સ્તુત્ય કાર્યને વખોડવાથી આપણુ સારૂ કેરવાશે એમ ધારી બીજાના સારા કાર્યને કોઇ વખોડે તો તેને આપણે શું કહીએ ? એ પગનો ગધાડો

૩૧ આપણી દરકાર માટે અરધે વચને કોઇની કંઇ વસ્તુ લાવીએ અને પાછી આપવામાં તેને તોબા પમાડીએતો આપણે શું કેહવા ઇએ ! બરોબર એજ પગના એ—એ—એ

૩૨ કોઇનું અનાજ આપણા પેટમાં પડેલું પચ્યું પણ હોય નહી એટલામાં એમનું વાંકું બોલીએ તો આપણે શું કહેવાઇએ એજ

૩૩ હરેકોઇ જાતનું લોક વિરૂધ્ધ કાર્ય કોઇ કરે તો તે પણ એજ પગનો ગધેડો છે

૩૪ જે માણસ પોતાના અધિષ્ટતાને, અન્નદાતાને કે ઉપરીને બે દરકારીથી જાણી જોઇને ભુલ થાપ ખવરાવી ઠપકાને કે ના-મોસીને પાત્ર કરે તેને આપણે શું કહીએ ! એ પગનો ગધડો

૩૫ જે માણસની શેવાથી સંસર્ગથી કે નોકરીથી, પોતાને કેટલી બધી નામોસી છે તેનો જે માણસ વિચાર કરતો નથી તેને આપણે

શું કહી શુ ? એ પગના ગધાડા

૩૬ જે માણુસને પોતાના યાને કુટુંબના માણુસોની કેવીરીતે સંભાળ રાખવી જોઇએ ! તે જે માણુસ જાણુતો નથી તેને આપણે સું કહી સું ? એજ પગનો ગધાડા

૩૭ કુલંક રૂપિ મનુષ્યોનો જે માણુસ સતકાર કરે અને સ્તુતિ કરનારનો તિરસ્કાર કરે તેને આપણે સું કહીસું ? એજ પગનો ગધાડો

૩૮ જે માણુસને સાચા જુઠાની પરિક્ષા નથી તેને આપણે સું કહેવું એ પગનો ગધાડો

૩૯ કોઈ પણુ વાતમાં ઉડા ઉતર્યા વગર કે, ખરૂં રહસ્ય શોધ્યા શીવાય કોઇ પવિત્ર માણુસને ઠપકો દઇ અપમાન કરેતો તેને આપણે સું કહેવું ? એજ પગનો ગધાડો

૪૦ કોઇને ત્યા કંટાળો આવતા સુધી કોઇ પરોણો યાને મેમાન જે માણુસ પડી રહે તેને આપણે સું કશોએ ? એ પગનો ગધાડો

૪૧ કોઇ માણુસને ત્યાં કોઇ માણુસ વગર કારણે જઇને બેસે માન અપમાનની દરકાર કરે નહી તેને આપણે સું કહીએ ? એ પગનો ગધાડો

૪૨ કોઇ માણુસ પોતાની ખુમારીથી અભિમાનથી કે દોઢ ડાહ્યાનો દેખાડ કરવાની ખાતર, બીજા માણુસની મસ્કરી કરે અપમાન કરે કે દીલ દુઃખાવા પોતાના તુંડમીજાજને છુટો મુકે તેને આપણે સું કહીએ ? એ પગનો ગધાડો

આપણો હિંદસ્તાન પુર્વ કાળે કેવિ સ્થિતિ ભોગવતો, તેનું ભાન થવાને પુજ્ય કાર્યવાન કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઇનું કવન દ્રષ્ટિગોચર કરો

આ કવિતા બાળકોએ, વૃધ્ધ પુરૂષોએ સદાને માટે મનન કરવા યોગ્ય છે

સવૈયા એકત્રીસા

ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયા કરનાર,
પર નાતીલા જાતીલાથી, સંપ કરી ચાલે સંસાર,
દેખ બિચારી બકરીનો પણ, કોય ન જાતાં પકડે કાન
એ ઉપકાર ગણી ઇસ્વરનો હરખ હવે તુ હિંદુસ્તાન.
રાજ્ય અનોપમ આજ થયું છે, લાજ વધારી તારી લેખ,
ઘોર કુકર્મી ચોર ગયાને, જોર દગાનુ ડુબ્યું દેખ,
મહમુદ સરખા માણસ ન મળે, તૈમુર તુલ્ય નહિ તોફાન,
એ ઉપકાર ગણી ઇસ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન
જુલમી રાજાની જડ ઉખડી, નાદિર સરખા પામ્યા નાશ,
ભારે ભીલ તણો ભય કયાંછે ? કયાંછે કજીયાને કંકાસ ?
વિધ વિધના વૈભવ વસ્તિને, પેહેરે પટકુળ ચાવે પાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો, હરખ હવે તુ હિંદુસ્તાન.
હુલકરથી નહિ હોય ખરાબી, કહો મરાઠા કોણજ માત્ર,
કદી સંહાર ન કરે સિંધિયા, પીંઢારા પણ ગયા કુપાત્ર
ઇંગ્લિશના નેજાની નીચે, તારા તનુજ કરે ગુલતાન,
એ ઉપકાર ગણી ઇસ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.
એ બળવંતા આશ્રય આગળ, ગાય બનળ મંગળ ગુણગીત,
જેના ધારા સૌથી સારા, નિરબળ નરને ડર નહિ ચિત્ત;
કાળો નાળીનો ભય ટાળી, સંભાળી રાખે સંસ્થાન,
એ ઉપકાર ગણી ઇસ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન.
ફાંસી ખોરા ફેલ કરીને, વનમા પાડી ન શકે વાટ,

ધીંગા કાહીજતના ઘોડાં, ઘોડા ન ઘેરી શકે ઘાટ,
ખેતર કે કુવેતરમાં જઇ, લશ્કર લુંટી લે નહિ ધાન્ય,
એ ઉપકાર ગણી ઇસ્વરને, હરખ હવે તું હિંદુસ્તાન
લંકાથી હિમાચળ લગભગ, કલકતાથી કચ્છ પ્રવેશ,
પંજાબી, સિંધી સોરઠીયા, દક્ષિણુ આદિક માળવ દેશ;
દિવસ ગયા ડરનાને દુખના, સુખના દિનનું દીધું દાન.
એ ઉપકાર ગણી ઇસ્વરને, હરખ હવે તું હિંદુસ્તાન.
એ માટે તું તો તન મનથી, માની લે એનો આભાર
રાજી રાજી રહી નિરંતર. સ્વગ સમો સજને શણગાર
દીલથી આસિષ દે છે દલપત્ત, મહીમાં મેળવી મોટું માન,
એ ઉપકાર ગણી ઇસ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.

પ્રિય સજ્જનો

ઉપરની કવિતા સબધી આપણે જો દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરીએ જોઇએ તો, આપણા પુર્વજો મહાન દુ:ખ દરિયાના વમળામા માહાભારત જેવા સંકષ્ટો શોસી જીદગીના છેડા ઉપર આવી ગયેલા જોઈ શકાયે છીએ આવા મહાન સંકષ્ટોમાંથી આપણું સૌંરક્ષણ કરવાને પરમકૃપાળુ પરમેશ્વરે પુર્ણ પણે કૃપા કરી, ઇગ્રેજ સરકાર નાં માહાન પ્રતાપી દયાની દ્રષ્ટિથી ઉભરાયલા અંતઃ કરણુ વાળાં નેક ન્યાયવાળા રાજ્યને મોકલાવી તેના વિજય વાવટાની શીળી છાયા તળે મુકી અપુર્વ સુખોના ભોકતા કર્યા. એ એ આપણા ઓછા ધન્ય ભાગ્યની વાત નથી પરંતુ

આપણા ભારતને ઇગ્રેજ સરકારે અપુર્વ સુખો આપ્યા અને હજુ વિશેષ સુખો આપવામા તન, મન ધનથી તેઓ નામદારનો સર્વોત્તમ પ્રયાસ આગળ વધતો જતો જોઇ શકાય છે. તેમાં ઉપર

કહેલા નાણાના હડકાયા," અને "બે પગના ગધેડા" અનેક જાતની આધિ વ્યાધિ અને ઉપધિઓ, અણધારી રીતે પ્રગટાવી, અણધાર્યા પ્રગટ થઇ આપણને નામદાર સરકારના આશ્રયથી મળતાં સુખોમાં શહુ ગ્રહની માફક વિઘ્ન કરતા તરીકે ઉભા થઈ વિશેષ સુખોનો લાભ લેતા આપણને અટકાવે છે જુવોકે—

હિંદુસ્તાનમા ધંધોધાકાર રોજગાર ચાલતો હતો તેને નાણાની બેંકવાળા હડકાયાએ ધક્કો માર્યો ? આ વાર્તા આપણે નજરે જોઇ છે. પાતાળે પાયાવાળી, અબજો રૂપિયાની મિલકથી ઉભરાયલી, ઘણી જ કાબેલીયત ધરાવનર અને પવિત્ર મનોવૃતિ વાળા કારભારીઓથી દેદીપ્ય દેખાતી, સુર્યના કિરણો સમાન કિર્તીને પ્રગટાવતી મુબઇના બેંક જેવીને થરથરાટ કેવી રીતે કરાવ્યો તે કોણે નાણાના હડકાયા એજ એટલે કપટી બેંક વાળાએજ માટે હેભારત વાસી ભાઇઓ આપણા આવા દેશીઓથી ચેતો ??? જેવા કે કોઇ કોઇ દેશીયો આપણું અનિષ્ટ કરનાર છે તેવા બીજા કોઇને સમજો નહી આખા દેશમા રડાપીટ કરાવી છે તે કેટલા એક દેસીઓ એજ વાસ્તે ઇંગ્રેજ સરકારનાં ચરણ ચુમો પુન્યવંત પિતા લેખી નિત્ય ભકિત ભાવથી નમો પ્રાર્થના કરોકે આવા દેશીયો તરફથી ઉભી થતી ઉપાધિઓમાથી અમને બચાવો.

ગાયન.

નાણાના હડકાયા, માયા, રેહેશે પડી;
રેહેશે પડીરે ભાઇ રેહેશે પડીરે જોજે;
નાણાના હડકાયા, માયા રેહેશે પડી   ટેક
કરમા નાણા ભેગા તું પાપે પડી,
કામ નહી આવે જાતાં છેલી ઘડીરે જોજે   નાણા
નવ કર ભેગા લોકો સાથે લડી;   નાણા

પુર્વાંણી ગધેડા.

૧ કોઇ માણુસ કઠોર શબ્દથી, કારણ વગર બીજા માણુસને ઠંટાળો આપે તેને આપણે શુ કહીએ ? એ પગનો ગધેડો.

૨ દાધારીગા માણુસ સાથે જીકર કરનારને શુ કહીએ ? એ પગ-નો ગધેડો.

૩ જે પિતા, પોતાના પુત્રને અધોગતિમાં ઉછરેતાના સંસ્કારો જુવે છે. છતાં તેવા સંસ્કારોનું પાલન કરે તો તે પિતાને આપણે શું કહીએ ? એ પગનો ગધેડો.

૪ જે માણુસ હિતકરનું અહીત કરે તેને શુ કહીએ ? એ પગનો ગધેડો.

૫ અમુક માણુસો, અમુક માણુસને નિર્ણય કરવા કંઇ બાબત સોંપે, તેમાં નિર્ણય કરનાર, ઇશ્વર પ્રેરણા અને નિર્મળ વિચારો તજી દઇ પરોપકાર બુધ્ધિને અભાવે અથતિ પક્ષપાતથી કે કોઇ બીજા કારણોથી ખોટો નિર્ણય કરે તો તેને આપણે શુ કહીએ ? એ પગનો ગધેડો.

૬ લાચાર માણુસના ઉપર કરરતા વાપરે તેને આપણે શું કહીએ ? એ પગનો ગધેડો.

૭ જે માણુસ છીદ્રોથી ભરપૂર રીતે ખરડાયલો છે છતાં બીજાનાં છીદ્રોની શોધ કર્યા કરે તેને આપણે શું કહેવુ ? એ પગનો ગધેડો.

૮ યોગી થઈને ભોગી બને, ત્યાગી થઇને રાગી દશામાં પ્રવર્તે તેને આપણે શુ કહેવુ એ પગનો ગધેડો.

૯ અન્ય સ્રીઓના સંસર્ગમા જે પુરૂષ રહેવાનું પસંદ કરી કામ ધંધો તજી દે તેને આપણે શું કહેવુ ! એ પગનો ગધેડો.

સંપુર્ણ.

આજ સુધી અમારા તરફથી નવ જાતની ચ્હારસી જુદી ચોપડી બહાર પડી ચુકી છે.

પુસ્તક મંગાવનાર ગ્રહસ્થને વિનંતિ.

અમારા તરફથી પ્રગટ થએલા પુસ્તકો નીચે પ્રમાણે.

૧ સાણંદના [illegible] અને ધાંદાના [illegible] ત્રીજી [illegible] આવૃત્તિ સાથી } કિં. બે આના
૨ ઢોંગી હેરતેલ પુરાણ આવૃત્તિ ત્રીજી .. ,, એક આનો
૩ ઢોંગી નાટક પુરાણ આવૃત્તિ બીજી... ,, બે આના.
૪ ઢોંગી લીલાના પુરાણ આવૃત્તિ બીજી . ,, બે આના
૫ ચિત્ત ચિંતા અને ગરીબની ગીતા .. ,, ત્રણ આના
૬ [illegible] સોમાટ [illegible] } ,, બે આના
[illegible] કરેલા [illegible] }
૭ [illegible] ,, બે આના
૮ " કૃષ્ણવિનોદ [illegible] " × × × × ,, બે આના
૯ [illegible] તથા [illegible]
[illegible] બે આના

મળવાનું ઠેકાણું- રાયપુર ભાઉની પોળ શાન્તિભુવન નંબર ૧૭૧૮
શ્રીયુત પૂજ્યપાદ મહાત્માશ્રી ચીમનલાલભાઈ [illegible]
મારફત ડી. એન. મહેતા—અમદાવાદ.